માર્ચ, ૨૦૨૬

અંક - ૦૪

# પરિવર્તન

DR. K. R. SHROFF FOUNDATION

Dr. K. R Shroff Foundation અને સંલગ્ન સંસ્થાઓએ કરેલાં કામોની વિગતો



# ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશન દ્વારા થતા કામોની ઝાંખી






















## સંસ્થાના વિવિધ કાર્યક્રમો હેઠળ થઈ રહેલા કામની વિગત

### અનુક્રમણિકા

**સ્થાપકની કલમે** ૦૩

**શિક્ષણ ક્ષેત્રે થઈ રહેલી વિવિધ પ્રવૃત્તિઓ**

- શ્રેષ્ઠતાનું સન્માન ૦૫

**અમારા શિક્ષકો અને તેમની નિષ્ઠા**

- એક શિક્ષક માટે બાળક જ પ્રથમ હોય તેવી વાતો
- શું તમારી શાળામાં આવું 'કન્યા રક્ષક દળ' છે ? ૦૭
- સુબહ કા ભૂલા શામ કો ઘર આયે, તો ઉસે ભૂલા નહિ કહતે... ૦૯
- "પાકા ઘડે પણ કાંઠા ચડે" ૧૧
- ... તો દિવ્યાંગની દિવ્યાંગતા પણ દૂર થાય ૧૩
- એક શિક્ષકે બે શાળાઓ ઉજાળી ૧૫
- ...ને કડકડાટ અંગ્રેજી બોલતા થયા ૧૭

**સ્વાવલંબન**

- ગુજરાતના વિવિધ જીલ્લામાં વસતા પરિવારોના જીવનમાં અમારી વગર વ્યાજની લોનથી આવેલા પરિવર્તનની વાતો...
- વ્યાજના ભાર તળે દટાઈ મરત... ૧૯
- લખપતિ દીદી ૨૧
- વગર વ્યાજની લોન લો, ધંધો કરો, ગૌરવભેર જીવો ૨૩

**વૃક્ષઉછેર**

- જે ગ્રામવનોમાં વૃક્ષો ઉછેરી રહ્યા છે, એમાના કેટલાક ગ્રામવનોની વાતો...
- એક ગામ પશુ-પંખીઓનો વિચાર કરે ૨૫
- શાળાના બાળકોનો પ્રવાસ અમારા ગ્રામવનમાં ૨૭
- અમારી કલગીમાં વધુ એક મોરપીંછ ઉમેરાયું ૨૯

## સંસ્થાના વિવિધ કાર્યક્રમો હેઠળ થઈ રહેલા કામની વિગત

### જળ વ્યવસ્થાપન


- જે ગામોમાં જળ વ્યવસ્થાપન કર્યું તેની વાતો...
- તળાવનું ગંદુ પાણી પીવા મજબુર ગામ ૩૧


### મળેલ સુખ વહેંચ્યુ


- વિવિધ સંસ્થાઓને મદદ કરીએ, આ મદદ મેળવનાર સંસ્થાઓના કાર્યોની વિગત..
- શિક્ષણ અને મહેનત ડગ્યા ત્યાં KRSF ટેકો બની ૩૩
- અમને સહાનુભુતિ નહિ તક આપો ૩૫
- હવે હિંમતનગર અને વડોદરામાં પણ ખેડૂત હાટ... ૩૭
- અનાથ નહિ આત્મનિર્ભર ૩૯


### સંસ્થાના મુલ્યો

# સ્થાપકની કલમે...



**"જીવનમાં મોટામાં મોટો ઉપયોગી યશ તે છે કે તમે બીજાના માટે ફાયદાકારક છો."**

માનવજીવનની સૌથી મોટી સિદ્ધિ એ છે કે માણસ પોતાનો વિકાસ કરતા કરતા બીજાના જીવનમાં પણ પ્રકાશ ફેલાવે. Dr. K. R. Shroff Foundation (KRSF) નો પ્રવાસ આ જ વિચારથી શરૂ થાય છે. મારા માટે સેવા કોઈ ક્ષણિક ભાવના નથી, પરંતુ સતત જીવાતી જવાબદારી છે. આ અંક માત્ર સંસ્થાના કાર્યોનો દસ્તાવેજ નથી, પરંતુ તે સમયનો સાક્ષી છે જ્યાં સંવેદના અને આયોજન સાથે સમાજ ઘડવાનો પ્રયાસ કરવામાં આવ્યો.

KRSFનું કાર્ય માત્ર એક ક્ષેત્ર સુધી સીમિત નથી. શિક્ષણ, જળસંચય, પર્યાવરણ, આરોગ્ય, રોજગાર અને ગ્રામ વિકાસ. આ બધા ક્ષેત્રોમાં સંસ્થાએ એક જ દૃષ્ટિકોણ અપનાવ્યો. 'પરિવર્તન'. અહીં દાનનો અર્થ માત્ર આપવું નથી, પરંતુ સાથે ઊભા રહીને આગળ વધવું. દરેક પ્રયાસમાં માનવીય ગૌરવ કેન્દ્રમાં રાખવામાં આવ્યું છે.

ગ્રામ્ય ભારતની વાસ્તવિકતાઓને નજીકથી સમજીને સંસ્થાએ જમીની સ્તર પર કાર્ય કર્યું. જ્યાં શિક્ષણની અછત હતી, ત્યાં શાળાઓમાં ગુણવત્તા લાવવાનો પ્રયાસ થયો. જ્યાં પાણીની કટોકટી હતી, ત્યાં તળાવો અને જળાશયો પુનર્જીવિત થયા. જ્યાં રોજગારના સાધનો નહોતા, ત્યાં સ્વાવલંબન તરફ દોરી જતાં નાના પરંતુ અસરકારક પગલાં લેવાયા. આ તમામ પ્રયત્નોમાં સંસ્થા એક વાત સ્પષ્ટપણે માને. પરિવર્તન લોકો માટે નહીં, પરંતુ લોકો સાથે મળીને થવું જોઈએ.

KRSFના કાર્યોમાં દેખાતી સાદગી તેની સૌથી મોટી તાકાત. દરેક કાર્યમાં દેખાડો નથી, પરંતુ અસર છે. લાભ મેળવનાર વ્યક્તિ માત્ર સહાયગ્રાહી નથી, પરંતુ પોતાની જ જિંદગીના પરિવર્તનનો સહભાગી બને છે. આ અભિગમ સંસ્થાને અન્યોથી અલગ ઓળખ આપે છે.

આ ચોથા અંકમાં સમાવાયેલા પ્રસંગો, દૃશ્યો અને અનુભવો માત્ર ભૂતકાળની નોંધ નથી. તે ભવિષ્ય માટેની દિશા દર્શાવે છે. સોશિયલ મીડિયા પર દેખાતા દૃશ્યો પાછળ રહેલી મહેનત, વિશ્વાસ અને પારદર્શિતા અહીં શબ્દોમાં રૂપાંતરિત થાય છે. દરેક પાનાંઓ સાબિત કરે છે કે સાચું કામ શાંતિથી થાય છે, પરંતુ તેની અસર દૂર સુધી પહોંચે છે.

બદલાવ આવ્યો તે જોવા જઈએ તેમને મળીએ અને અમે પણ અનુભવીએ કે ખરેખર અમારી સંસ્થા દ્વારા થયેલું કાર્ય કેટલા અંશે લોકોમાં બદલાવ લાવી શક્યું છે? એના જવાબ માટે જ આ અંક બને છે. અમારો મુખ્ય આશય તો તે જ કે વ્યક્તિને મદદ નહિ પણ પગભર કરવો તે જ પોતે પોતાના ભવિષ્યનો ઘડવૈયો બને.

આ પ્રસ્તાવના સાથે વાચકને આમંત્રણ છે. આ યાત્રાને માત્ર વાંચવાની નથી, પરંતુ સમજવાની. કારણ કે KRSFની વાત કોઈ એક સંસ્થાની નથી. તે એ તમામ લોકોની છે જેમણે માન્યું કે જો વિચાર સાચો હોય અને આશય મજબૂત હોય, તો સમાજ બદલાઈ શકે છે.



*વલ્લભ વિદ્યા વિહાર પાનસર બાળકોની મુલાકાતે*

## ફરિયાદ કરી નહિ, પોતે જ મથ્યા

રઘુભાઈ હાથમાં લાકડી લઈને ગામના પાટિયાં રસ્તે ચાલતા હતા. રસ્તામાં મળતા દરેક માણસને એ માત્ર “નમસ્કાર” નથી કરતા, પણ આંખમાં આંખ નાખીને પૂછતા. “ઘરમાં બધું ઠીક છે ને?” ગામના બાળકો કાચા ઓરડામાં બેઠા ભણતા હતા; વરસાદે છત ટપકતી, ત્યારે રઘુભાઈએ સરપંચનો પણ ડર રાખ્યો નહીં. ગામસભામાં કહી દીધું. “આ શાળા આપણી છે, તો જવાબદારી પણ આપણી.” લોકોને જાગૃત થવા કહ્યું. અમુક લોકોએ પૈસા આપ્યા, અમુક લોકોએ સમય આપ્યો અને બાળકોને પહેલી વાર સારી શાળા મળી.

ઉનાળામાં તળાવ સંપૂર્ણ સૂકાઈ ગયું. લોકો બોલ્યા “હવે કશું થવાનું નથી.” રઘુભાઈ ચુપ રહ્યા, પણ બીજા દિવસે કૂદાળી લઈને તળાવના કાંઠે ઊભા હતા. એક માણસ જોડાયો, પછી બીજો, અને આખું ગામ ઊતરી આવ્યું. પાણી પાછું આવ્યું ત્યારે રઘુભાઈએ કહ્યું “આ તળાવ મારું નથી, આ તમારા વિશ્વાસનું પરિણામ છે.”

થોડા વર્ષોમાં ગામ બદલાયું. લોકો મદદ માગતા નહીં, માર્ગ શોધતા થયા. રઘુભાઈ આજે પણ એ જ રસ્તે ચાલે છે, તમે પણ હવે પોતાને આ પૂછજો “આજે તમે કોના જીવનમાં ઉપયોગી બન્યા?”

# શિક્ષણ ક્ષેત્રે થઇ રહેલી વિવિધ પ્રવૃતિઓ

***પ્રસ્તાવના :***

*ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશન દ્વારા શિક્ષણ ક્ષેત્રે કરવામાં આવતી પ્રવૃત્તિઓનો મુખ્ય ઉદ્દેશ માત્ર ભણતર પૂરતો નથી, પરંતુ સર્વાંગી વિકાસ છે. શાળાઓમાં ગુણવત્તાપૂર્ણ શિક્ષણ, શિક્ષકોની તાલીમ, નવીન શિક્ષણ પદ્ધતિઓ અને વિદ્યાર્થીકેન્દ્રિત અભિગમ દ્વારા શિક્ષણને વધુ અસરકારક બનાવવામાં આવી રહ્યું છે.*

*શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે સાથે વિદ્યાર્થીઓમાં જીવનકૌશલ્ય, મૂલ્યશિક્ષણ અને આત્મનિર્ભરતા વિકસે એ માટે વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવે. KRSF માને છે કે શિક્ષણ એ સમાજ પરિવર્તનનું સૌથી શક્તિશાળી સાધન છે, અને તેથી દરેક બાળક સુધી અર્થસભર, ઉપયોગી અને આશાભર્યું શિક્ષણ પહોંચાડવાની પ્રતિબદ્ધતા સાથે કાર્ય કરી રહ્યું છે.*

## શ્રેષ્ઠતાનું સન્માન

KRSF દ્વારા શાળાઓમાં કાર્યરત કર્મચારીઓના ઉત્તમ કાર્યને માન આપવાની પરંપરા ખૂબ જ વિચારપૂર્વક વિકસાવવામાં આવી છે. સંસ્થાનો સ્પષ્ટ વિશ્વાસ છે કે જ્યારે સેવા, સમર્પણ અને મૂલ્યોને સમયસર ઓળખ મળે છે, ત્યારે તે માત્ર એક વ્યક્તિને નહીં પરંતુ આખી ટીમને આગળ ધપાવે છે. એ જ ભાવનાથી દર મહિને અને દર ત્રણ મહિને વિવિધ એવોર્ડ દ્વારા કર્મચારીઓને સન્માનિત કરવામાં આવે છે. દર મહિને આપવામાં આવતો "શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ" અને દર ત્રણ મહિને આપવામાં આવતા "શ્રેષ્ઠ નેતૃત્વ એવોર્ડ", "અમુલ્ય યોગદાન એવોર્ડ" તથા "સ્વવિકાસ એવોર્ડ" કોઈ ઔપચારિકતા નથી, પરંતુ જીવંત મૂલ્યોની અભિવ્યક્તિ છે.

જે કર્મચારીને સન્માન મળે છે તેને તો પ્રોત્સાહન મળે જ છે, પરંતુ એ સન્માનને જોઈને બીજા અનેક શિક્ષકો અને કર્મચારીઓના મનમાં પણ એક નવો ઉત્સાહ જન્મે છે. "મારું કામ પણ ઓળખાય છે" એવી લાગણી તેમને વધુ જવાબદારીપૂર્વક અને વધુ સમર્પણથી કાર્ય કરવા પ્રેરે છે. આ એવોર્ડ્સ શાળાઓમાં એક સ્વસ્થ, સકારાત્મક અને મૂલ્યઆધારિત કાર્યસંસ્કૃતિ ઊભી કરે છે, જ્યાં સ્પર્ધા નહીં પરંતુ પ્રેરણા કેન્દ્રમાં રહે છે.

આ સન્માનોની પસંદગી કોઈ એક વ્યક્તિના મત પર આધારિત નથી. જેમ શુદ્ધ સોનું મેળવવા માટે ઘણી ધાતુઓ ગાળવી પડે, તેમ અહીં પણ એક સઘન અને પારદર્શક પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. ટીમ લીડરની રોજિંદી નજર, ક્લસ્ટર હેડ્સની વ્યવહારુ સમજ, ઝોનલ હેડનું સુવ્યવસ્થિત આયોજન અને એવોર્ડ ટીમનું ગહન મૂલ્યાંકન. આ ચાર સ્તરોમાંથી પસાર થયા પછી જ કોઈ કર્મચારી આ સન્માનનો હકદાર બને છે. આ પ્રક્રિયા કર્મચારીઓમાં વિશ્વાસ પેદા કરે છે કે અહીં સન્માન ખરેખર કાર્યના આધાર પર મળે છે.

સંસ્થામાં એવા શિક્ષકો કાર્યરત છે જેમણે જ્ઞાનની ઊંડાઈ સાથે બાળકો પ્રત્યે સાચી લાગણી વિકસાવી છે. તેઓ માત્ર પાઠ્યપુસ્તક પૂરતા સીમિત નથી રહેતા, પરંતુ જીવનના મૂલ્યો, વિચારશીલતા અને આત્મવિશ્વાસ પણ

બાળકોમાં રોપે છે. નવીન શિક્ષણ પદ્ધતિઓ અપનાવીને બાળકોને સમજાવવું, દરેક બાળકની ક્ષમતાને ઓળખવી અને તેને આગળ વધારવી—આ શિક્ષકો માટે શિક્ષણ માત્ર નોકરી નહીં પરંતુ એક ધ્યેય છે.

KRSF દ્વારા નક્કી કરાયેલા લક્ષ્યોને સિદ્ધ કરવા અને સતત ઉત્તમતા તરફ આગળ વધવા આવા કર્મચારીઓ નિષ્ઠાપૂર્વક કાર્ય કરે છે. તેઓ પોતાની ભૂમિકા સુધી સીમિત નથી રહેતા, પરંતુ સંસ્થાની દૃષ્ટિ સાથે પોતાને જોડે છે. શાળા, ગામ અને સમાજ. આ ત્રણેય સ્તરે બદલાવ લાવવાનો પ્રયાસ તેમની દૈનિક મહેનતમાં સ્પષ્ટ દેખાય છે.

આ સમગ્ર સન્માન પ્રક્રિયા સંસ્થાના મૂળ મૂલ્યો અને મિશન પર આધારિત છે. બાળક સૌપ્રથમ, કાર્યનો શિસ્તબદ્ધ અમલ, સતત શીખતા રહીને સ્વવિકાસ, લક્ષ્યપ્રાપ્તિ માટે દઢતા, એકાગ્રતા અને ટીમવર્ક સાથે કાર્ય કરવું, તથા ગામના સર્વાંગી વિકાસમાં યોગદાન આપવું. જે કર્મચારીઓ આ મૂલ્યોને પોતાના વર્તન અને કાર્યમાં જીવંત રાખે છે, તેઓ આ સન્માનનું ગૌરવ લે છે. અહીં સાચે જ એવું અનુભવે છે કે “જ્યારે સ્વાર્થ મરે ત્યારે સેવા સફળ થાય”. આ સન્માન કર્મચારીઓને માત્ર ગૌરવ નથી આપતું, પરંતુ તેમની સામે એક નવી જવાબદારી પણ મૂકે છે. હવે વધુ સચેત, વધુ સંવેદનશીલ અને વધુ અસરકારક બની આગળ વધવાની. આ રીતે KRSFના એવોર્ડ્સ વ્યક્તિગત સિદ્ધિથી આગળ વધી એક સંસ્કાર અને એક પ્રેરણાદાયક પરંપરામાં રૂપાંતરિત થાય છે, જે સંસ્થાને સતત મજબૂત અને સમાજ માટે વધુ ઉપયોગી બનાવે છે.

## શ્રેષ્ઠ શિક્ષક


**રોશનબેન**
વિજયકુમાર પ્રજાપતિ


**ધર્મેન્દ્રકુમાર**
ભાનુપ્રસાદ ભાટિયા


**હેમલબેન**
જયેશભાઈ દેસાઈ


**જીનલબેન**
જગદીશકુમાર સુથાર


**અકતરબાનુ**
ફરીદભાઈ શેખ


**મેઘાબેન**
વલ્લભભાઈ પટેલ


**બબીતાબેન**
વનરાજભાઈ ખેર


**અસ્મિતાબેન**
સવસિંગભાઈ બારીયા


**નીતાબેન**
જીતેન્દ્રસિંહ મકવાણા



**કરીનાબેન**
રાજેશકુમાર બારોટ

## ઉત્કૃષ્ટ પ્રદર્શન


**સ્નેહલબેન**
ખુમાનસિંહ ભાટી


**શાંતિભાઈ**
લેબાભાઈ મકવાણા


**લાલાભાઈ**
કાવજીભાઈ ભગોરા


**અરવિંદભાઈ**
લક્ષ્મણભાઈ રબારી

# અમારા શિક્ષકો અને તેમની નિષ્ઠા

## એક શિક્ષક માટે બાળક જ પ્રથમ હોય તેવી વાતો

***પ્રસ્તાવના :***

*KRSF માટે પૂરક શિક્ષક માત્ર પાઠ ભણાવનાર નથી, પરંતુ બાળકના જીવનનો દિશાસૂચક. અમારા પૂરક શિક્ષકો દરેક વિદ્યાર્થીને એક વ્યક્તિ તરીકે જોવે, તેની ક્ષમતાને સમજે અને તેની અંદર છુપાયેલી શક્તિને બહાર લાવવાનો પ્રયાસ કરે. વર્ગખંડમાં તેઓ પુસ્તકની બહારનું શિક્ષણ આપે જેમાં સંસ્કાર, આત્મવિશ્વાસ, વિચારશક્તિ અને જીવન મૂલ્યોનું શિક્ષણ.*

*ઘણા પડકારો વચ્ચે પણ અમારા  પૂરક શિક્ષકો ધીરજ, પ્રેમ અને સમર્પણ સાથે પોતાની જવાબદારી નિભાવે. ગ્રામ્ય અને પછાત વિસ્તારોમાં જઈને પણ બાળકોને આગળ વધારવાની લાગણી તેઓ રોજ જીવંત રાખે. KRSFના પૂરક શિક્ષકોનું કાર્ય એ વિશ્વાસ છે કે યોગ્ય માર્ગદર્શન મળે તો દરેક બાળક આગળ વધી શકે છે.*

# શું તમારી શાળામાં આવું 'કન્યા રક્ષક દળ' છે?




*બાળકોને ઘરના ફળીયાથી સ્કુલના ઓરડામાં લાવવા લોઢાના ચણા ચાવવા જેવું કામ હતું*

એવું ક્યારેય જોયું છે કે જે રસ્તે થી તમે જતા હોવ તે રસ્તામાં કોઈ વિઘ્ન આવે અને તમે તે રસ્તો બદલી લો...

હા, આપણે બધા જ આવું કરીએ.. પણ, બોટાદ જીલ્લાના ગઢડા તાલુકાના નાના ઉમરડા ગામમાં આવું જ કંઈક થયું અને ત્યાના અમારા બે પુરક શિક્ષકોએ ધીરજથી કામ લઈને આ પ્રશ્નને કાયમ માટે હાલ કરી દીધો.

નાના ઉમરડા ગામની શાળામાં શિક્ષકની ખોટ અને ખોટને અમે ત્યાના લોકલ દિવ્યરાજસિંહ અને દિવ્યાબાને મુકીને આ ખોટ પૂરી કરી.

બંને જન બાળકોમાં સંસ્કાર સિંચન કરે તેમને વાંચન લેખન ગણનમાં પાવરધા કરે નિત- નવા T L M બનાવીને બાળકોમાં અભ્યાસની રૂચી કેળવે. જો કોઈ બાળક આ



*નાના ઉમરડા ગામનું 'કન્યા રક્ષક દળ'*

રીતે પણ ના સમજે તો તેને પ્રેક્ટીકલી બધું સમજાવે.

એમની નજર બાળકોની સંખ્યા પર પડી કે વિદ્યાર્થીનીઓની સંખ્યા દિવસે ને દિવસે ઘટતી જાય.

આ માટે તેમને વાલી મુલાકાત પણ કરી પણ, કઈ ખાસ કામ થયું નહિ.

બંને એ એક નવો રસ્તો વિચાર્યો અને શરુ કર્યું એક મિશન. તેઓ રોજ મળવા જાય બાળકીઓને અને તેમની સાથે રમતો રમે. એ રમતો માટે તેઓ રમકડા અને બીજી જે પણ સામગ્રી જોઈએ તે સાથે લઇને જ જાય.

દીકરીઓને મજા આવવા લાગી, અને તેઓ બહુ સારા મિત્રો બની ગયા. બસ, આજ સમયની તો તેઓ રાહ જોતા હતા. તેમણે હવે ધીરે ધીરે ત્યાં રમવાનો સમય ઘટાડી દીધો. ઘણીવાર તો રજાઓ પણ પાડવા લાગ્યા. બાળકીઓ તેમની રાહમાં બેસી રહે. આવું વધુ સમય થવાના કારણે બાળકીઓ એ સવાલ કર્યો કે તમે રોજ આવો ને અમને બહુ સારું લાગે છે. બસ, આજ સવાલની રાહમાં આ લોકો હતા તેમને તરત જ કહ્યું કે એમ કરો તમે રોજ શાળામાં આવો ત્યાં આનાથી પણ વધારે રમકડા અને આનાથી મોટી જગ્યા પણ છે સાથે સાથે ત્યાં બપોરે જમવાનું હોય તમારા જેવા બીજા બાળકો પણ હોય અને તેમને બાળકીઓને શાળા તરફ વાળી દીધી.

પણ, આ લડત અહી પૂરી નથી થતી. અમારા દિવ્યાબાએ NCC ની ટ્રેનીંગ લીધેલી. ત્યાના, આચાર્યશ્રી રાજદીપસિંહ ગોહિલ પોતે પોલીસની નોકરી મુકીને આચાર્ય બનેલા તો તેમને પણ આ વાતમાં ટેકો આપી દીધો. હવે રોજ વિદ્યાર્થીનીઓને શસક્ત બનાવવાની તાલીમ અપાય અને તેનું નામ આપ્યું 'કન્યા રક્ષક દળ'.

આજે શાળામાં વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થીનીઓની સંખ્યા વધુ છે. આ માટે શાળાનો સ્ટાફ અને અમારા બંને પુરક શિક્ષકોની મહેનત રંગ લાવી છે.

# સુબહ કા ભૂલા શામ કો ઘર આયે, તો ઉસે ભૂલા નહિ કહતે...



*બાળકો સાથે બાળકો જેવા બની અભિનય ગીત શીખવાડતા ચંદુભાઈ*

ગઢડા તાલુકાના ચભાડિયા ગામના અમારા પુરક શિક્ષક ચંદુભાઈ કોરોના પહેલા અમારા સાથે જોડાયેલા હતા. બાળકોને ભણાવતા ભણાવતા તેઓ ટૂંક સમયમાં જ બાળકોના મનપસંદ શિક્ષક બની ગયા.

તેમણે બાળકોને વાંચન, લેખન અને ગણનમાં સક્ષમ બનાવ્યા જ, સાથે સાથે આરોગ્ય, સ્વચ્છતા અને હાઈજીન બાબતે પણ બાળકોમાં જાગૃતિ લાવી. અભ્યાસ સાથે જીવનમૂલ્યો શીખવાડવાની તેમની રીત બાળકોને ખૂબ ગમતી હતી.

કોરોનાનો કઠિન સમય આવ્યો અને તેમને એવું લાગ્યું કે ભવિષ્યમાં ફરી આવું કંઈ બનશે તો, તેથી તેમના અંગત કારણોસર તેઓ બીજા કામ માટે જતા રહ્યા.

જ્યારે તેઓ પહેલી વાર ત્યાં કામ કરવા ગયા, ત્યારે ત્યાંની કામ કરવાની પદ્ધતિ અને નિયમો તેમને અનુકૂળ લાગ્યા નહીં. સમય જતાં આ અસંતોષ થાકમાં બદલાયો અને મનમાં પાછા ફરવાનો વિચાર જન્મ્યો. પરંતુ પાછા જઈને બીજી એવી નોકરી મળશે કે નહીં- આ પ્રશ્ન સતત મનમાં ઘૂમતો રહ્યો. મન ન લાગતું હોવા છતાં તેમણે થોડો સમય ત્યાં કામ ચાલુ રાખ્યું.

એક દિવસ આખરે તેમણે હિંમત કરી. પોતાના મનની વાત તેમણે અમારા ક્લસ્ટર હેડ સાથે ખુલ્લેઆમ કરી. તેમની વાત ધ્યાનથી સાંભળવામાં આવી અને અમારી ટીમે તેમને ફરી એકવાર વિશ્વાસ અને આત્મિયતાથી આવકાર્યા.



*સંસ્થાના નિયમો બોજરૂપ નહિ પણ વ્યક્તિનો વિકાસ કરનારા - ચંદુભાઈ*

પાછા ફર્યા બાદ તેમનો અભિગમ બદલાયો. તેમણે નવી ઊર્જા, ખંત અને ધગસ સાથે કામ શરૂ કર્યું. તેમનું સમર્પણ અને જવાબદારીની ભાવના જોઈને સંસ્થાએ તેમને ટીમ લીડર તરીકે પ્રમોશન આપ્યું.

તેમનું માનવું છે કે KRSFના નિયમો, તેની શિસ્ત, તેનો DNA અને તેની કોર વેલ્યુઝ શરૂઆતમાં સાંકળ જેવી લાગતી હોય, પરંતુ હકીકતમાં એ સાંકળ વ્યક્તિને બાંધતી નથી-એ વ્યક્તિને ઘડે છે. આ જ મૂલ્યો વ્યક્તિના સર્વાંગી વિકાસ સાથે બાળકોના ભવિષ્યને પણ મજબૂત બનાવે છે.

આ આખી પ્રક્રિયા અમને એક ગર્વભર્યો અનુભવ કરાવે છે. કારણ કે KRSFનું કાર્ય માત્ર પ્રોજેક્ટ્સ પૂરતું નથી, પરંતુ એવી ગોઠવણી પર આધારિત છે જ્યાં પારદર્શિતા છે, મૂલ્યો છે અને સાથે દરેક વ્યક્તિના વિકાસને પણ કેન્દ્રમાં રાખવામાં આવે છે.



*થીયરી સાથે સાથે વ્યવહારુ જ્ઞાન વધુ અગત્યનું*

# “પાકા ઘડે પણ કાંઠા ચડે”



એક એક બાળકોને મૂર્તિની જેમ કંડારવાના

“પાકે ઘડે કાઠા ના ચડે”-આ કહેવત ઊંટવડ ગામમાં ખોટી સાબિત થઈ છે. બાબરા તાલુકાના આ ગામમાં શિક્ષકોની ઘટ હતી. આ ખોટ પૂરી કરવા માટે અમે ત્યાંના સ્થાનિક કોમલબેન મેંતાને પુરક શિક્ષક તરીકે જોડ્યા. તેમના આગમનથી શાળામાં નવી ઉર્જા અને ઉત્સાહનું વાતાવરણ સર્જાયું.

કોમલબેન માત્ર ગણિત અને અંગ્રેજી વિષયો જ નહીં, પરંતુ લાઈફ ક્લાસ અને સંસ્કાર સિંચન જેવા મૂલ્યવાન વર્ગો પણ લે છે. તેમની શિક્ષણ પદ્ધતિમાં પ્રેમ, ધીરજ અને બાળકો પ્રત્યેની માતૃત્વસભર લાગણી સ્પષ્ટ રીતે ઝળકે છે. દરેક પાઠને જીવંત બનાવીને






બાળકો એક રીતથી ના સમજે તો તેમને જ્યાં સુધી ના સમજાય તેટલી વાર અલગ અલગ પદ્ધતિઓ દ્વારા સમજાવવાના

સમજાવવાની તેમની રીત બાળકોને શીખવા પ્રેરિત કરે છે.

વિજય—જે ડાયરેક્ટ એડમિશનથી આવ્યો હતો, અને ધ્રુવ-જે અંગ્રેજી માધ્યમમાંથી આવ્યા હોવાથી અભ્યાસમાં અન્ય વિદ્યાર્થીઓ કરતાં પાછળ હતા-બન્ને માટે વાંચવું, લખવું કે સમજવું સરળ નહોતું. પરંતુ કોમલબેનના અવિરત પ્રયત્નો અને દિવસ-રાત જોયા વિના કરેલી મહેનતના પરિણામે આજે આ બંને બાળકો પોતાના સાથીઓની સાથે સમાન ગતિથી આગળ વધી રહ્યા છે.

શાળાના શિક્ષકો અને કોમલબેન મેંતાની સંયુક્ત મહેનતનું ફળ આજે પરિણામોમાં સ્પષ્ટ દેખાય છે. બાળકોની પ્રગતિ માત્ર ગુણોમાં જ નહીં, પરંતુ તેમના આત્મવિશ્વાસ અને શીખવાની ભાવનામાં પણ સુંદર રીતે પ્રગટ થાય છે. ઊંટવડ ગામ તેમની સેવાથી સાચા અર્થમાં શૈક્ષણિક રીતે સમૃદ્ધ બન્યું છે.



*બંને વિદ્યાર્થીઓને ટૂંક જ સમયમાં બધાની હરોળમાં ઉભા કરી દીધા*

**શિક્ષણ એક દીવો છે,**
**જે એક બાળકથી શરૂ થઈ,**
**આખા ગામને ઉજાસ આપે છે.**

# ... તો દિવ્યાંગની દિવ્યાંગતા પણ દૂર થાય



તમે બાળક જેવા બની જાવ તો બાળક તમારી આગળ ખુલીને રહે


કોઈ શિક્ષક બિયોન્ડ ધી ડ્યુટી જઈને પોતાના કાર્યો કરે છે ત્યારે ખરેખર અમે અંદરથી ધન્યતા અનુભવીએ છીએ.

વાત છે અરવલ્લી જીલ્લાના - તાલુકાના અણસોલ ગામની પ્રાથમિક શાળાની. અહી, શાળામાં શિક્ષકની ઘટ આ ઘટની પુરતી અમે ત્યાના જ લોકલ અલ્કાબેનને મુકીને પૂરી કરી.

અલ્કાબેન બાળકોને મીનીમમ ભણાવે બાળકોને વાંચન લેખન અને ગણનમાં પણ પાવરધા કરે. બાળકોમાં સંસ્કાર સિંચન કરે, હાઈજીન અને હેલ્થ માટે પણ તેઓ બાળકોને ભણાવે.

ધોરણ સાતમાં ભણતો એક દિવ્યાંગ નામનો બાળક, માનસિક રીતે પણ દિવ્યાંગ. તે શરૂઆતમાં શાળા, શિક્ષક અને અભ્યાસ પ્રત્યે સંપૂર્ણપણે બેદરકાર હતો. તે વર્ગમાં બધાને હેરાન કરતો, કોઈ વાત માનતો નહીં. પ્રિન્સિપાલ શ્રી અશોકભાઈના વિશ્વાસ પરથી આ બાળકને અલ્કાબેનના વર્ગમાં મુકવામાં આવ્યો.

શરૂઆતના દિવસોમાં અનેક મુશ્કેલીઓ હોવા છતાં અલ્કાબેને ધીરજ, પ્રેમ અને


દિવ્યાંગ ચિત્રોને ઓળખવામાં માહિર

નિયમિતતા સાથે બાળકને સમૂહ પ્રવૃત્તિઓમાં જોડવાનું શરૂ કર્યું. કક્કો, એકડી અને લખાણ જેવી પ્રવૃત્તિઓમાં તે ધીમે ધીમે ભાગ લેવા લાગ્યો. નોટબુકમાં લીટા દોરવા અને શિક્ષકને બતાવવાની તેની જિજ્ઞાસા બદલાવની શરૂઆત બની.

સમય જતા બાળક બોલવામાં, સાંભળવામાં અને વર્ગમાં શાંતિથી બેસવામાં સુધારો દર્શાવવા લાગ્યો. ચિત્રવાળી ચોપડી લઈને તે પોતે પોતે વાંચવાનો પ્રયાસ કરતો અને રિસેસ દરમિયાન પણ ક્લાસ છોડતો નહીં. શિક્ષક પ્રત્યેનો તેનો લગાવ અને શાળા પ્રત્યેનો પ્રેમ સ્પષ્ટ રીતે દેખાવા લાગ્યો.

એક દિવસ પ્રાર્થના સભામાં તેણે પોતે માઇક માંગીને ચિત્ર જોઈને પોતાના શબ્દોમાં બોલવાનો પ્રયાસ કર્યો. વાંચતા આવડતું ન હોવા છતાં તેણે ચિત્રો દ્વારા વિચાર વ્યક્ત કર્યા. આ દ્રશ્ય જોઈ સમગ્ર સ્ટાફ અને પ્રિન્સિપાલ આશ્ચર્યચકિત થયા કે થોડા મહિનામા આટલુ મોટુ પરિવર્તન ?

વાલીઓ સાથેની ચર્ચામાં જાણવા મળ્યું કે બાળક રોજ શાળાએ જવા માટે રડીને તૈયાર થાય છે અને ખાસ કરીને અલ્કાબેનના વર્ગમાં બેસવાની જિદ કરે છે. આ વિશ્વાસ અને લાગણી અલકાબેન માટે ગૌરવનો વિષય બની. આજે બાળક સંપૂર્ણપણે શાંત, શિસ્તબદ્ધ અને સકારાત્મક રીતે વર્તે છે.


ગયા વર્ષે પાણીની ગંભીર તકલીફ સમયે અલ્કાબેન દ્વારા પોતાના ખર્ચે ટેન્કરની મદદથી ઉનાળામાં પાણી પુરું પાડવામાં આવ્યું. ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ માટે આ સેવા શાળાને મોટી રાહતરૂપ સાબિત થઈ અને સર્વાંગી વિકાસનું ઉત્તમ ઉદાહરણ બની.

શાળાની બાજુની પોતાની જમીન બાળકોના મેદાન માટે ઉપયોગમાં આપવી, દીવાલ તોડી નવો દરવાજો બનાવવો અને લાઈફ સ્કિલ હેઠળ છોકરીઓને બ્યુટી પાર્લર જેવી કૌશલ્ય તાલીમ આપવી. આ તમામ કાર્યો અલ્કાબેનની નિસ્વાર્થ સેવા દર્શાવે છે.



*અભિનય ગીત શીખવાડતા અલ્કાબેન*


# એક શિક્ષકે બે શાળાઓ ઉજાળી



*વિદ્યાર્થીઓને પોતાના જેવા જ ગણિતમાં પાવરધા કર્યા*

એક દીકરી બે કુલ ઉજાળે પણ અમારા એક શિક્ષકે બે શાળાઓ ઉજાળી.

વાત છે મેઘરજ તાલુકાની બે શાળામાં શિક્ષકની ખોટ અને તે ખોટ અમે લાલાભાઈને મુકીને તે ખોટને પૂરી કરી.



*આદિવાસી સમુદાય માટે લાગણી ધરાવતા લાલાભાઈ*

મેઘરજ તાલુકાની જામગઢ–૧ પ્રાથમિક શાળામાં તેઓ છેલ્લા બે વર્ષથી નિષ્ઠાપૂર્વક સેવા આપી રહ્યા હતા.

શાળામાં જોડાયા ત્યારે બાળકોમાં શિસ્તનો અભાવ, પ્રાર્થનામાં ઉદાસીનતા અને તોફાની વર્તન સામાન્ય હતું.

અનિયમિતતા, ગાળો બોલવી અને ક્લાસ છોડીને રમવા જવું જેવી પ્રવૃત્તિઓ જોવા મળતી.

લાલાભાઈએ આ સ્થિતિને સ્વીકારી નહીં, પરંતુ બદલાવ લાવવાનો સંકલ્પ કર્યો.

આદિવાસી સમુદાયમાંથી આવતા લાલાભાઈને પોતાના સમાજના બાળકો માટે આંતરિક પીડા હતી.

“મારા સમાજના બાળકો પાછળ કેમ રહે ?”-આ વિચારએ તેમને સતત પ્રેરણા આપી.

તેઓએ નક્કી કર્યું કે આ બાળકોમાં સકારાત્મક પરિવર્તન લાવીને જ રહીશ.

ઘરથી ૭–૮ કિ.મી. દૂર શાળાએ તેઓ દરરોજ પગપાળા જાય છે. સવારે ૫ વાગે ઉઠીને ખાધું-ન ખાધું કરીને સમયસર શાળાએ પહોંચે છે. પરિસ્થિતિ કઠિન હોવા છતાં તેમની પ્રતિબદ્ધતા અડગ રહી છે.

એક વાર તો તેમનો મોબાઈલ પણ ચોરાઈ ગયો તેમ છતાં શાળા મૂકી નહિ અને બાળકોને સંસ્કાર આપી પાવરધા કર્યા.

જયારે તેઓ વાઘપુર શાળામાં આવ્યા ત્યારે તેઓ ત્યાની જેમ જ ખંત અને ધીરજથી કાર્ય કરતા રહ્યા.

શાળામાં પીવાના પાણીની તકલીફ જોઈને તેમણે જાતે પાણી લાવવાની વ્યવસ્થા કરી. બાળકો માટે રોજ બોરનું પાણી ઊંચકી લાવીને પૂરું પાડ્યું.


મધ્યાહન ભોજનમાં બાળકોને આડાઅવળા અને ગ્રુપ બનાવી બેસતા જોઈને તેમણે લાઈનસર બેસાડવાની પદ્ધતિ અમલમાં મૂકી. જેથી સમાનતા વાળા ગુણો વિકસે.

ઘડિયા બોલતા બોલતા જમવાનું પીરસાતું, જેથી અન્નનો બગાડ અટક્યો. આ નાની પહેલથી શિસ્ત અને સંસ્કાર બંને વિકસ્યા.

શાળાને પોતાનું ઘર માની લાલાભાઈ તન, મન અને ધનથી સેવા આપે છે.


યુનિફોર્મ, અભ્યાસ, પાણી અને શિસ્ત આ દરેક ક્ષેત્રે તેમણે નોંધપાત્ર કામ કર્યું.

આજે લાલાભાઈ શાળા, સમાજ અને સંસ્થા માટે ગૌરવનું પ્રતીક બની ગયા છે.



*બાળક પ્રથમને ધ્યાને લઇ શાળાના બધા જ કામ તેઓ કરે*

# ...ને કડકડાટ અંગ્રેજી બોલતા થયા




*શિક્ષક અને ટીમ લીડર બંને જવાબદારી નિભાવે*

કોઈ ૦૯-૧૦ વર્ષથી તમારા ત્યાં સેવા આપતું હોય અને તે પણ રોજ કૈંક નવું અને ક્રિયેટીવ કરે તો અમ થાય કે હા સંસ્થા યોગ્ય દિશામાં જઈ રહી છે.

અકતરબાનું શેખ ૨૦૧૬થી Dr. K. R. Shroff Foundation સાથે જોડાઈને શિક્ષણક્ષેત્રમાં સતત સેવા આપી રહ્યા છે. પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે શરૂઆત કરીને તેમણે ધોરણ ૬થી ૮માં English Leader તરીકે જવાબદારી સંભાળી. વર્ષ ૨૦૨૧થી તેઓ હાઈસ્કૂલમાં અંગ્રેજી વિષયના શિક્ષક તરીકે કાર્ય કરી રહ્યા છે.

વિરાવાડાની એન.કે. પટેલ કોઠારી હાઈસ્કૂલ અને કાંકણોલની પંચશીલ વિદ્યામંદિરમાં તેઓ નિયમિત રીતે અંગ્રેજી ભણાવે છે. બંને શાળામાં બાળકોમાં અંગ્રેજી પ્રત્યેનો ડર દૂર કરી આત્મવિશ્વાસ ઊભો કરવાનો તેમનો મુખ્ય હેતુ રહ્યો. તેમના પ્રયત્નોથી બાળકો ડર વિના અંગ્રેજી બોલવા લાગ્યા છે.

પ્રાર્થના સભામાં અંગ્રેજી Short Note બોલાવવાની નવી પહેલ તેમણે શરૂ કરી. કે.સી. પટેલ સાહેબના સહયોગથી આ વિચાર સફળ રીતે અમલમાં આવ્યો. શરૂઆતમાં લખીને બોલતા બાળકો આજે આત્મવિશ્વાસપૂર્વક મોઢે રજૂઆત કરે છે.


પરમાર વિશ્વજીતથી શરૂઆત કરીને આજે અફનાન સિપાઈ, પંચાલ રિયા, પરમાર આંચલ જેવા અનેક વિદ્યાર્થીઓ પ્રાર્થનામાં સુંદર રજૂઆત કરે છે. ભણવામાં નબળા


બાળકો પણ હવે આગળ આવીને બોલવાનો પ્રયાસ કરે છે. આ પહેલથી સમગ્ર શાળામાં સકારાત્મક વાતાવરણ ઊભું થયું છે.

વિવિધ TLM, English Fair અને આજનું ગુલાબ જેવી પ્રવૃત્તિઓ દ્વારા બાળકોનો સર્વાંગી વિકાસ થાય છે. આ નોંધપાત્ર કામગીરી બદલ અકતરબાનુને શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મળ્યો છે. હાલ તેઓ ત્રણ મોડેલ સ્કૂલમાં સેવા આપી KRSFના બાળક કેન્દ્રિત શિક્ષણના સંકલ્પને સાકાર કરી રહ્યા છે.



*પ્રાર્થનામાં બાળકો અંગ્રેજીમાં બોલતા થયા*





*અંગ્રેજીની સાથે સંસ્કાર અને હાઈજીન માટે અલાયદા વર્ગો લે*

**Do not fear English words.**
**They are friends, not enemies.**
**Practice makes understanding easy.**
**Understanding makes speaking natural.**

# સ્વાવલંબન

***પ્રસ્તાવના:***

*સ્વાવલંબન એટલે માત્ર રોજગાર મેળવવો નહીં, પરંતુ પોતાના જીવનનો આધાર પોતે બનવાની શક્તિ. જ્યારે માણસ પોતાના હાથેથી કમાવા લાગે છે, ત્યારે તેના મનમાં આત્મવિશ્વાસ જન્મે છે અને ભવિષ્ય માટે નવી આશા ઊભી થાય છે. પોતાની મહેનતથી મળેલી આવક માણસને ગૌરવ અને સ્થિરતા આપે છે.*

*સાચી મદદ એ છે જે માણસને આગળ વધવા પ્રેરે. જે સહાય વ્યક્તિને કાયમ માટે આધારિત ન રાખે, પરંતુ તેને પોતાના પગ પર ઊભા રહેવાનું શીખવે. નાનું સાધન, યોગ્ય માર્ગદર્શન કે થોડી તક પણ માણસની જિંદગીમાં મોટો ફેરફાર લાવી શકે છે.*

*સ્વાવલંબનથી માત્ર એક વ્યક્તિ નહીં, પરંતુ આખું પરિવાર મજબૂત બને છે. જ્યારે પરિવાર મજબૂત બને છે, ત્યારે સમાજ પણ આગળ વધે છે. અંતે, સાચો વિકાસ એ જ છે જ્યાં માણસ પોતે પોતાની જિંદગી ઘડવાની શક્તિ મેળવે છે.*

ગુજરાતના વિવિધ જીલ્લામાં વસતા પરિવારોના જીવનમાં અમારી વગર વ્યાજની લોનથી આવેલા પરિવર્તનની વાતો...

## વ્યાજના ભાર તળે દટાઈ મરત...




*અજયભાઈ ગેસ રીપેરીંગનું કામ કરે.*

જ્યારે જીવન મુશ્કેલી આપે ત્યારે કોઈ એક સાચો હાથ મળી જાય તો જિંદગીનો રસ્તો બદલાઈ જાય. અમને આનંદ છે કે અજયભાઈ અને અજયભાઈ જેવા બે મહેનતી ભાઈઓની



*VSSM સાથે મળીને KRSF વ્યાજ વિનાની લોન આપે*

જિંદગીમાં એ બદલાવ લાવવાનું એક નાનું એવું નિમિત્ત KRSF બની શક્યું.

આ બેઉ ભણ્યા ઓછાં, છૂટક મજૂરી પર જીવન પસાર કરતા. ઘરના ખર્ચા પૂરા કરવાં અઘરા. ઘણી વખત તો જરૂરિયાત સમયે વ્યાજવા પૈસા લેવા પડે અને પછી એ વ્યાજનો ભાર જીવનને વધારે મુશ્કેલ બનાવી દે.

KRSF દ્વારા VSSMને આપવામાં આવતી ફંડિંગ થકી લોકોને વ્યવસાય માટે વ્યાજમુક્ત લોન મળે છે. એની જાણકારી મળતાં અજયભાઈએ V S S M નાં કાર્યકર સુનિલભાઈની મદદથી અરજી કરી.

બેઉ અજયભાઈએ ગેસ અને મિક્સર રીપેરીંગનું કામ શીખ્યું હતું. KRSF અને VSSMના સ્વાવલંબન કાર્યક્રમની લોન મળતાં તેમણે પોતાનું કામ શરૂ કર્યું. સતત મહેનતનું ફળ મળ્યું અને આજે તેઓ દિવસના ₹૫૦૦ થી ₹૭૦૦ સરળતાથી કમાય છે.

અજયભાઈ ગર્વથી કહે છે:

"જો KRSF અને VSSM નો હાથ ન મળ્યો હોત તો જીવતર ખુબ અઘરું બની જતું. પહેલા વ્યાજવા પૈસા લઈએ તો ૩૦,૦૦ પર ૫૦,૦૦૦ પાછા ભરવા પડે. હવે અમે વ્યાજના પૈસા લેવાનું બંધ કર્યું છે. સુનિલભાઈએ બચત શીખવી, જીવન સુધરી ગયું."

આજે અજયભાઈ દર મહિને ₹૧૦૦નું VSSM ને અનુદાન આપે છે અને કહે છે, "મારી ઈચ્છા છે કે બહુ જલ્દી દર મહિને ₹૨૦૦ કાયમ આપી શકું."

આ કમાણી બહુ નથી, પરંતુ તેમની ભાવના અમૂલ્ય છે.

જ્યાંથી મળે ત્યાંથી પોતાનાં કરતા બીજા માટે આપવાની ભાવના.

KRSF ને ગર્વ છે કે અમારી ફંડિંગથી ચાલતા આ કાર્યક્રમ થકી અજયભાઈ જેવા હજારો લોકો આજે સ્વાવલંબન તરફ આગળ વધી રહ્યા છે.

ઈશ્વર એવી જ સેવામાર્ગ પર અમને સતત નિમિત્ત બનાવે.. બસ એ જ પ્રાર્થના.

# લખપતિ દીદી




*પોતાની આવડતને બ્રાન્ડ બનાવી*

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના શિવરાજપુર કમ્પા ગામમાં રહેતી અર્પિતાબેન પટેલ પહેલા ઘરખાના કામ સુધી જ સીમિત હતાં. પરંતુ જીવનમાં કંઈક કરવાની તમન્ના તેમના મનમાં હંમેશા રહી. તેમની ઓળખાણ KRSF સાથે થતાં તેમનું જીવન જ બદલાઈ ગયું.

KRSFએ તેમને ન માત્ર ધંધા માટે પ્રોત્સાહન આપ્યું, પરંતુ તેમની પરંપરાગત અથાણા બનાવવાની કળાને વ્યવસાયમાં રૂપાંતરિત કરવા માટે માર્ગદર્શન પણ આપ્યું.

અર્પિતાબેન ઘરઆંગણેથી અથાણા, ચટણીઓ બનાવવાનું શરૂ કર્યું, તેમાં તેમના પરિવારનો પણ ખાસ ફાળો રહ્યો. આખા વર્ષ દરમ્યાન કેરી, લીંબુ, મરચા, આમલી, રતાળુ, સુરણ જેવા ઉત્પાદનો માટે અથાણાં તૈયાર કરવામાં આવે છે.

KRSF અને કારીગર ક્લીનિકના સંયુક્ત પ્રયાસોથી તેમને બિઝનેસ મેનેજમેન્ટ, માર્કેટિંગ, માઈન્ડસેટ ડેવલપમેન્ટ અને એક્સપોઝરનું પ્રશિક્ષણ મળ્યું.

આ સફળતાએ તેમને બીજી મહિલાઓને પણ જોડાવાની પ્રેરણા આપી. ધીમે ધીમે સખી મંડળનો આકાર લીધો અને 'જય સરસ્વતી સખી મંડળ' નામથી આ ગ્રુપ ઓળખાવા લાગ્યુ.




*જય સરસ્વતી સખી મંડળનું અથાણું વિદેશમાં વેચાય તેવી આશા સાથે મથતી બહેનો*

તેમની ચટણીઓ અને અથાણાની ગુણવત્તાને કારણે આજુબાજુના વિસ્તારોમાં ખૂબ જ માંગ બની છે. ગ્રાહકો તેમના ઉત્પાદનોની સારી ગુણવત્તા અને સ્વાદની પ્રશંસા કરે છે. હવે તેમની એક મોટી ઇચ્છા છે – પોતાના અથાણા અને ચટણીઓને અલગ અલગ દેશોમાં પહોંચાડવાની.

તેમના ઉત્સાહ, મહેનત અને નિષ્ઠાને કારણે તેમને કેન્દ્ર સરકારની યોજના હેઠળ “લખપતિ દીદી”નું સન્માન પ્રાપ્ત થયું.

આ સન્માન અર્પિતાબેન માટે જ નથી, પણ તેમના જેવી હજારો મહિલાઓ માટે પ્રેરણાનો સ્ત્રોત છે, જે પોતાના ઘરની રસોડામાંથી જ ઇતિહાસ રચી રહી છે.

KRSF અને કારીગર ક્લીનિકના સહયોગે, એક સાધારણ ઘરની બહેનની કહાણી આજે કરોડો માટે પ્રેરણા બની છે.

"જ્યાં સ્ત્રી સશક્ત હોય, ત્યાં સમાજ ઉજ્જ્વળ હોય – અર્પિતાબેનની આ યાત્રા તેનું જીવંત ઉદાહરણ છે.

| | | | |
|---|---|---|---|
| **ધંધો કરવો એટલે જોખમ લેવું, અને જોખમ લેવાથી જ નવી તક જન્મે છે. હિંમત રાખશો તો રસ્તો પોતે બનશે.** | **આજે મહેનત ભારે લાગે છે, કારણ કે આવતીકાલની સફળતા તૈયાર થઈ રહી છે. ધીરજ રાખો.** | **સ્પર્ધાથી ડરશો નહીં, તે તમને વધુ સારું બનવા પ્રેરે છે.** | **ધંધો માત્ર આવક નથી, એ તમારી ઓળખ બનાવે છે. તેને ગૌરવથી ચલાવો.** |

# વગર વ્યાજની લોન લો, ધંધો કરો, ગૌરવભેર જીવો.



*બનાસકાંઠા જીલ્લાના પાલનપુર, ડીસા અને વડગામ તાલુકાના લોનધારકોનું પાલનપુરમાં સંમેલન યોજ્યું*

"એકસમયે પોતાની પત્નીના દાગીના ગીરવે મુક્યા હતા. આજે એ જ માણસ બીજા પાંચ પરિવારોને રોજી આપી રહ્યો છે." છાપરાંમાં જીંદગી શરૂ કરનાર વ્યક્તિના જીવનમાં આવું પરિવર્તન કેવી રીતે આવ્યું?

આમ તો આ કોઈ એક વ્યક્તિની વાત નથી. VSSM અને KRSF દ્વારા ચલાવવામાં આવતા સ્વાવલંબન કાર્યક્રમ થકી લોન લઈને સ્વતંત્ર ધંધો કરનાર અનેક વ્યક્તિઓના જીવનમાં આવુ પરિવર્તન આવ્યું છે.

વ્યક્તિ સ્વતંત્ર ધંધો કરવાની ખેવના રાખે, પરંતુ પૈસા, માર્ગદર્શન કે વિશ્વાસના અભાવે અટકી જાય. આવા લોકો માટે આ કાર્યક્રમ આશાનું કિરણ બની રહ્યો છે.

લોનધારકોની સફળતાની ઉજવણી માટે બનાસકાંઠા જિલ્લાના પાલનપુર, ડીસા અને વડગામ તાલુકાના લોનધારકોનું સંમેલન પાલનપુર મુકામે આયોજીત કરવામાં આવ્યું. જેમાં ભાગ લેનાર સૌની આંખોમાં કૃતજ્ઞતા અને હૃદય ગૌરવીંત હતા.

લોન ધારકોએ પોતાના અંતરના ઉમળકા વ્યક્ત કર્યા. ભીક્ષામાંગીને જીવતા પરિવારે કહ્યું, "પહેલાં કોઈના ઘર આંગણે અનાજ માંગવા જઈએ ત્યારે શરમ આવતી, સંકોચ થતો પણ મજબૂરીના માર્યા ભીક્ષાવૃતિ કરતા પણ જ્યારથી કટલરી વેચવાનું શરૂ કર્યુ ત્યારથી સંકોચ, શરમ દૂર થયો."

કોઈએ કહ્યું, "મારા બાળકો હું હવે જે કામ કરુ તેના પર ગર્વ અનુભવે. સંસ્થા જીવનમાં આવી પછી આ બધું પરિવર્તન આવ્યું." અનેકોના મોંઢે આ સાંભળી આનંદ થયો.

સંસ્થાની ભાવના એકદમ સ્પષ્ટ છે – લોન લો, ધંધો કરો, ગૌરવભેર જીવો.

અત્યાર સુધી ૧૨,૫૦૦ પરિવારોને લોન આપી સ્વતંત્ર વ્યવસાયિક બનાવવાનો પ્રયત્ન કર્યો છે. લોન લઈને કોઈએ ચાની કીટલી કરી,




*જેમને નિયમિત હપ્તા ભર્યા અને પોતાના ધંધામાં વૃદ્ધિ કરી તેમને સન્માનિત કર્યા*

કોઈ રીક્ષા લાવ્યું તો કોઈએ નાસ્તાની લારી તો કોઈ નાના મશીન આધારિત ઉદ્યોગ કરી રહ્યા છે.

સંમેલનમાં એવા લોનધારકોનું સન્માન કરવામાં આવ્યું જેમણે લોન લઈને ઊડીને આંખે વળગે એવી પ્રગતિ કરી અને સંસ્થાનો વ્યવહાર સંપૂર્ણ ઈમાનદારીથી સાચવ્યો.

આ સમગ્ર કાર્યક્રમમાં અમારા સમર્પિત કાર્યકરો નીશાબહેન, પરેશભાઈ, પૂનમ, રમેશભાઈ, દિનેશ, ઈશ્વર, રમેશ, રાકેશ વગેરેની ઉપસ્થિતિ રહી. આ બધા પરિવારોને શોધી તેમનો વિશ્વાસ બાંધવાનું કામ સરળ નથી. સખત મહેનત માંગતું આ કાર્ય કાર્યકરો નિષ્ઠાથી કરે છે.

સ્વાવલંબ કાર્યક્રમ દ્વારા માણસને લોન આપીને બેઠો કરવાનું કાર્ય જ માત્ર નથી થઈ રહ્યું પણ આનાથી માણસમાં આત્મવિશ્વાસ જગાડવાનું કાર્ય થઈ રહ્યું છે જેનો અમને રાજીપો...



*નાસ્તાની લારીથી મશીનો આધારિત ધંધો કરતા થયા*

# વૃક્ષ ઉછેર

**પ્રસ્તાવના:**

વૃક્ષ માણસની જેમ જ હોય છે. તેને પણ સમય જોઈએ, જગ્યા જોઈએ અને સંભાળ જોઈએ. એકવાર ઉછરે પછી તે પૂછતું નથી કે કોણ બેઠું છે, કોણ તોડે છે કે કોણ અવગણે છે. તે બસ પોતાની ફરજ કરે છે—ઉભું રહેવાનું.

ઘણા ગામોમાં વૃક્ષો યાદોની જેમ જોડાયેલા હોય છે. કોઈ વૃક્ષ નીચે પહેલી બેઠક થઈ હોય, કોઈની છાયા હેઠળ થાક ઉતર્યો હોય, તો ક્યાંક એ જ વૃક્ષ વરસાદમાં એકમાત્ર આશ્રય બન્યું હોય. જ્યારે આપણે વૃક્ષ વાવીએ છીએ, ત્યારે આવી જ યાદોનું બીજ વાવીએ છીએ.

આજનું વૃક્ષારોપણ કોઈ ઉજવણી માટે નથી, તે એક શાંત જવાબદારી છે. જે આપણું નહીં, પરંતુ આવનારા સમયનું છે. કદાચ એ જ કારણે વૃક્ષ વાવવું માણસને થોડું વધુ માનવી બનાવે છે.

જે ગ્રામવનોમાં વૃક્ષો ઉછરી રહ્યા છે, એમાના કેટલાક ગ્રામવનોની વાતો...

## એક ગામ પશુ-પંખીઓનો વિચાર કરે



ભાણપુરમાં ૫૦૦૦થી વધુ વૃક્ષો વાવ્યા

ભાણપુર ખરેખર મજાનું અને સંવેદનશીલ અભિગમ ધરાવતું ગામ. ૨૦૨૪માં અમારા

સહયોગથી VSSM એ ચોટાસણ ગામમાં વાવેલા ૫૦૦૦થી વધુ વૃક્ષો સુંદર રીતે



*હરેક વૃક્ષની આગળ તેનું નામ લખ્યું જેથી બધાને ઓળખવામાં સરળતા રહે*

ઉછરતા જોઈ ભાણપુરે પોતાનાં ગૌચરમાં પણ આવી હરિયાળી સર્જવા અમને આમંત્રણ આપ્યું. જ્યાં વૃક્ષો વાવવાના હતા તે જગ્યા કોતરો જેવી હતી, છતાં ગામે સ્વખર્ચે તેની સફાઈ કરી અને સીધી સપાટ બનાવી.

ગામનો એક ઊંડો વિચાર અમને ખૂબ સ્પર્શી ગયો “ઈશ્વરને અમારું ગામ ત્યારે જ પ્રિય લાગશે જ્યારે અહીં પશુ અને પંખીઓ ફરી વસવા આવશે.” આ ભાવના ગામને પ્રકૃતિ સાથે ગાઢ સંબંધ છે તે બતાવે છે. આવા સંકલ્પ ધરાવનાર ગામોને KRSF હંમેશા પ્રથમ પ્રાધાન્ય આપે છે.

ભાણપુરની આ પહેલને સમર્થન આપતાં KRSF અને VSSMએ મળીને ૫૦૦૦થી વધુ વૃક્ષો વાવ્યા. વૃક્ષોની ભેટ ધ કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટિવ બેંકે આપી, જે આ કાર્યને વધુ મજબૂત બનાવે છે. ગામની પોતાની મહેનત અને અમારી સહાય મળીને સાચી હરિયાળી સર્જાય છે.

વૃક્ષોની રોજની માવજત ગામના લાલજીભાઈ ‘વૃક્ષમિત્ર’ તરીકે કરે છે—પ્રત્યેક વૃક્ષને બાળકની જેમ ઉછેરી. સરપંચ વર્ષાબહેન, ભરતભાઈ અને આખું ગામ આ કામમાં સક્રિયપણે જોડાયું છે. માત્ર વૃક્ષો વાવવાનું નહીં, એને જીવંત રાખવાનું કાર્ય અહીં સુંદર રીતે થઈ રહ્યું છે.

આ હરિયાળો પ્રયાસ લાંબા ગાળે ગામનું ભવિષ્ય બદલી દેશે. વરસાદમાં વધારો, જમીનની પાણી ધરપત, પશુ–પંખીઓને છાંયો અને ગરમીમાં ઘટાડો—આ વૃક્ષો ભાણપુરને પ્રકૃતિપ્રેમી અને ટકાઉ ગામ બનાવશે. ગામ, KRSF, VSSM અને કાલુપુર બેંકના સહિયારા

**ઓક્સિજનની ફેક્ટરી એટલે જીવંત વૃક્ષો.**

# શાળાના બાળકોનો પ્રવાસ અમારા ગ્રામવનમાં



ચોટાસણમાં ૫૩૦૦થી વધુ વૃક્ષો લહેરાઈ રહ્યા છે

સાબરકાંઠા વાસીઓ જોગ...

"આ તમે વૃક્ષમંદિર - ગ્રામવન કરવામાં મદદ કરી તે ૫૩૦૦ થી વધુ વૃક્ષો અહીંયા લહેરાઈ રહ્યા છે. ૪૫ થી વધુ જાતના વૃક્ષો અહીંયા છે. અમારી શાળાના બાળકોનો પ્રવાસ ગ્રામવનમાં થાય છે. અહીંયા આવી બાળકો વૃક્ષોની ઓળખ કરે છે." સાબરકાંઠાના ચોટાસણના જગદીશકાકાએ આ વાત કરી.. અમને સાંભળીને આનંદ થયો. નવી પેઢી વૃક્ષોને ઓળખે એનું મહત્વે સમજે એ તો અમારો આશય પુરો થયાનું લાગ્યું.

ચોટાસણના યુવા સરપંચ ચેતનભાઈ વૃક્ષો ઉછરે એ માટે કટીબદ્ધ. ૨૦૨૪માં એમણે પોતાના ગામમાં વૃક્ષો ઉછેરવા અમને આમંત્રણ આપ્યું ને ડો. કે.આર.શ્રોફ ફાઉન્ડેશનની મદદથી VSSM એ ગામની ગૌચર અને ગાંડાબાવળથી ભરેલી જગ્યામાં વૃક્ષો વાવી ઉછેરવાનો નિર્ણય કર્યો.

સફાઈ ગામે કરી આપી ને પાણીની વ્યવસ્થા પણ. જોકે અમે વૃક્ષો વાવ્યા. અમારા વૃક્ષમિત્ર એની દેખરેખ રાખે બાકી બધી જ જવાબદારી ગામે સ્વીકારી લીધી. દવા કે વૃક્ષ બળ્યું નવું લાવજો એવું કહેવા એક ફોન ન આવે.

VSSM ના કાર્યકર તોહીદભાઈ અને મહેશભાઈ કહે, "આવી સાઈટો મળે તો આપણે કેટલું બધુ કામ કરી શકીએ. અમારે અહીંયા નિયમિત વિઝીટ માટે પણ આવવું નથી પડતું, ગામ જ એની સંભાળ રાખે છે."

સાબરકાંઠામાં બનાસકાંઠાની જેમ વૃક્ષો વાવી ઉછેરવાનો પ્રકલ્પ છે. ભાવના ઘણી મોટી છે. ગામો આગળ આવીને ભાગીદારી માટે તૈયાર થાય તો આવું રૂડુ કામ એમના ગામમાં પણ કરી શકાય.

ગ્રામવન થકી હજારો પક્ષીઓ ને મૂંગાજીવોને એમનું ઘર આપવાનું પુણ્ય કાર્ય પણ થાય છે.

VSSM ના સ્થાપક મિત્તલ પટેલના અમે આભારી છીએ. એમની લાગણીથી આવા અનેક ગ્રામવન થઈ શક્યા છે ને આગળ પણ કરીશું.



વૃક્ષોની ઉંચાઈ માણસની ઊંચાઈથી બે ઘણી થઇ ગઈ





ગામલોકો નિયમિત ગ્રામવનમાં જઈને તેની સાર -સંભાળ લે

# અમારી કલગીમાં વધુ એક મોરપીંછ ઉમેરાયું




*આપ લોકોના અને VSSM જેવી સંસ્થાના સહકારથી આ શક્ય બન્યું*

ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશન (KRSF)ને ગુજરાત સરકારના ક્લાઈમેટ ચેન્જ વિભાગ તથા GEDA તરફથી મળેલી માન્યતા અમારા માટે અતિ ગૌરવપૂર્ણ ક્ષણ છે. આ કાર્ય ગુજરાત શિક્ષણ વિભાગ (Education Department) અને વન વિભાગ (Forest Department)ના સતત સહયોગથી શક્ય બન્યું છે. પર્યાવરણ સંરક્ષણ માટે વર્ષોથી કરેલા અમારા સતત પ્રયત્નોને મળેલું આ સન્માન અમને નવી ઉર્જા અને પ્રેરણા આપે છે.

વર્ષો પહેલાં એક નાની દૃષ્ટિ સાથે શરૂ થયેલી અમારી સફર આજે આ માન્યતા દ્વારા વધુ મજબૂત બની છે. ક્લાઈમેટ ચેન્જ સામે લડવામાં દરેક પ્રયાસ—ભલે તે નાનો કેમ ન હોય—મોટા પરિવર્તનનું કારણ બની શકે છે, એ વિશ્વાસ હવે વધુ ઘેરો થયો છે.

પર્યાવરણ માટે કરવામાં આવેલા આ કાર્ય પાછળ અમારી આખી ટીમનું સમર્પણ રહેલું છે. ખાસ કરીને ગિરીશ પ્રજાપતિનું યોગદાન પ્રશંસનીય છે. તેમની નિષ્ઠા અને અવિરત પ્રયત્નોએ આ યાત્રાને વધુ અર્થસભર બનાવી છે.

આ સાથે જ અમારા સહયોગી ભાગીદાર VSSM તથા તમામ શુભચિંતકોનો અમે


GEDA

GOVERNMENT OF GUJARAT

GOVERNMENT OF GUJARAT

Climate Change Department

CLIMATE CHANGE AWARDS 2025-26

CERTIFICATE

This is to certify that ***Dr. K. R. Shroff Foundation*** has been awarded the ***3rd Prize*** in the category of ***Awareness*** by the Climate Change Department, Government of Gujarat.

This Award has been presented on **16th September 2025** on the occasion of **Climate Change Awards 2025-26** jointly by **Shri Mulubhai Bera** Hon'ble Minister, Climate Change, Government of Gujarat and **Shri Mukesh Patel** Hon'ble Minister of State, Climate Change, Government of Gujarat.

Shri Ajay Prakash, IAS
Director
Gujarat Energy Development Agen...

Dr. Rahul Gupta, IAS
Secretary
Climate Change Department

*ક્લાઈમેટ ચેન્જ માટે કરેલા કાર્યોની સરકારે નોંધ લીધી*

હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. સૌના અડગ વિશ્વાસ અને સહકાર વિના આ સિદ્ધિ શક્ય નહોતી. આ સૌનું સંયુક્ત ગૌરવ છે.

KRSF માટે પર્યાવરણનું રક્ષણ માત્ર એક ફરજ નથી, પરંતુ આવતી પેઢી માટે આપેલું કર્તવ્ય છે. અમે માનીએ છીએ કે પ્રકૃતિને સાચવવી એ માત્ર વિચાર નહીં, પરંતુ દૈનિક જીવનશૈલીનો ભાગ બનવો જોઈએ.

આ મહત્વપૂર્ણ માઈલસ્ટોન અમને વધુ ઉર્જા, વિશ્વાસ અને દ્રઢતા સાથે સ્થિરતા અને હરિયાળી તરફ આગળ વધવા પ્રેરિત કરે છે. અમારી આ સફરમાં સાથ આપનાર દરેક વ્યક્તિનો હૃદયપૂર્વક આભાર.

**સ્વચ્છ હવા, શુદ્ધ પાણી અને હરિયાળી... આ વિકાસની સાચી ઓળખ**

**પ્રકૃતિ આપણી નથી, આપણે પ્રકૃતિના છીએ. આ સમજ જ બદલાવ લાવે છે.**

# જળ વ્યવસ્થાપન

***પ્રસ્તાવના:***

*પાણી માણસને યાદ રહે ત્યાં સુધી જ કિંમતી લાગે છે. નળ બંધ થાય ત્યારે, કૂવો સૂકાય ત્યારે, કે તળાવમાં તળ દેખાય ત્યારે જ તેની કિંમત સમજાય છે. જળસંચય એ પાણી બચાવવાનો કાર્યક્રમ નથી, એ ભૂલ સુધારવાનો પ્રયાસ છે.*

*ઘણા ગામોમાં વરસાદ આવે છે, પણ પાણી રહેતું નથી. જમીન બધું શોષી લે છે અને માણસ હાથમાં હાથ નાખીને જુએ છે. ત્યારે સમજાય છે કે પાણી વરસાવવાનું કુદરતનું કામ છે, પરંતુ તેને સાચવવાનું કામ આપણું છે.*

*જ્યાં પાણી અટકે છે, ત્યાં ગામ અટકતું નથી. લોકો રહે છે, ખેતી ટકે છે અને જીવન આગળ વધે છે. જળસંચય એટલે પાણી ભરવું નહીં, પરંતુ આશા સ્થિર રાખવી. જેથી આવતી કાલ ખાલી ન રહે.*

### જે ગામોમાં જળ વ્યવસ્થાપન કર્યું તેની વાતો...

## તળાવનું ગંદુ પાણી પીવા મજબુર ગામ



*શિયાળા પૂરો થતા થતા તો પાણીની તંગી શરુ થઇ જાય.*

“આ તળાવમાં જેટલો સમય પાણી ભરાયેલું રહે, એટલો સમય તો આ પાણી પીવાનો હક મળે. ખેતી માટે પણ આ પાણી પર જ અમે નિર્ભર છીએ. પણ તળાવ છીછરુ છે... શિયાળો ઉતરતાં પાણી સુકાઈ જાય. પાણી ખૂટે પછી અમારે માથે ડબ્બા લઈને ઘણી દૂર પાણી લેવા જવું પડે. ઢોરને પણ પાણી પીવડાવવું મુશ્કેલીભર્યુ બને.”



*આવું ગંદુ તળાવનું પાણી પીવા માટે મજબુર*

આવાં શબ્દો એ વિસ્તારની મુશ્કેલીને આપણી નજર સામે ચિત્ર બનીને ઉભું રહે તે રીતે દેખાય છે.

તળાવમાંથી પાઈપ વાટે નીચા ફળિયાના ઘરોમાં પાણી પહોંચે છે. પરંતુ તળાવ જ સુકાઈ જાય તો પાઈપમાં પાણી ક્યાંથી આવે ?

KRSF હંમેશાં માને છે કે પાણી એટલે જીવન. તેથી જ અમે સરકારની સુજલામ-સુફલામ યોજનાની ભાગીદારીમાં VSSMને જરૂરી ફંડિંગ અને સહાય આપી, જેથી આ તળાવનું ઘેરીકરણ અને ખોદકામ શક્ય બન્યુ.

આજ એ ખોદકામને કારણે ગામના લોકો કહે છે —

“હવે તો ઉનાળા સુધી પાણી રહે તેવી આશા છે. શિયાળુ પાક પણ પૂરો ઉગી જશે.”

ધ્રોઈ ગામના પરિવારોની આર્થિક સ્થિતિ નબળી છે. એક-બે વીઘા જમીનમાં માત્ર પોતાનાં પરિવારમાં ચાલે એટલી મકાઈ-ઘઉં ઉગાડે. બાકીના દિવસોમાં આજુબાજુ મજૂરી કરે. આવામાં પોતે હેન્ડપંપ બનાવે તે શક્ય નહીં. સરકારની વ્યવસ્થા ક્યાંક અટકી ગઈ છે, ‘નલ સે જલ’ અહીં ક્યારે આવશે ? એ પોતે પણ જાણતા નથી.

જ્યારે અમે પૂછ્યું કે .. “આ તળાવ છેલ્લે ક્યારે ખોદાયું ?”

ત્યારે ગામે નિરાશામાં કહ્યું... “અમને યાદ પણ નથી.”

ખરેખર, અસંખ્ય તળાવો છે જે લોકોની આશાઓ જેવી જ ખોદાવાની રાહ જોઇ રહ્યા છે. જો એ બધામાં પાણી ભરાય, તો પાણીની સમસ્યા મોટા ભાગે દૂર થઈ જાય.

KRSF આજે ગર્વથી કહે છે...

V S S M સાથે મળીને અમે અનેક જલમંદિરોનો જિર્ણોદ્ધાર કર્યો છે.

ઈશ્વર કરે અમારો બીજા તળાવ બાંધવાનો મનોરથ પૂરો થાય... દરેક ગામ, દરેક પરિવારમાં પાણીની શાંતિ પહોંચે.

દિલથી આભાર VSSM અને સરકારનો સાથ મળ્યો, જેને કારણે આ કામ શક્ય બન્યું.

અને સૌથી મોટો આભાર...

ગામના લોકોને, જેમણે વિશ્વાસ રાખ્યો.

# મળેલ સુખ વહેચ્યું

***પ્રસ્તાવના:***

*કામ એકલા થતું નથી. જ્યાં એક વિચાર પૂરું થવામાં અટકે છે, ત્યાં બીજાનો હાથ જોડાય છે. અલગ અલગ સંસ્થાઓને મદદ કરવી એટલે માત્ર સહાય આપવી નહીં, પરંતુ એકબીજાના વિશ્વાસમાં ભાગીદાર બનવું.*

*દરેક સંસ્થા પોતાની રીતે સમાજના કોઈ ખૂણે કામ કરી રહી હોય છે. કોઈ શિક્ષણમાં, કોઈ આરોગ્યમાં, કોઈ પર્યાવરણમાં. જ્યારે એમને સમયસર સાથ મળે છે, ત્યારે એમનું કામ વધુ મજબૂત બને છે અને અસર દૂર સુધી પહોંચે છે.*

*આવો સહયોગ સંસ્થા માટે નથી હોતો.પણ, તેવા લોકો માટે હોય છે જેના પ્રશ્નો વિષે સપને પણ અમને ખ્યાલના આવ્યો હોય. કપણ, ખરેખર તેમને તેની જરૂર હોય. કારણ કે જ્યારે સંસ્થાઓ એકબીજાને ટેકો આપે છે, ત્યારે સમાજ પોતે આગળ વધવા લાગે છે.*

**વિવિધ સંસ્થાઓને મદદ કરીએ, આ મદદ મેળવનાર સંસ્થાઓના કાર્યોની વિગત...**

## શિક્ષણ અને મહેનત ડગ્યા ત્યાં KRSF ટેકો બની



*કોર્પોરેટ, એકેડેમિક અને બેન્કિંગ ક્ષેત્રે કામ કર્યા પછી કચ્છની કારીગરી માટે આગળ વધ્યા*

જીવનની કેટલીક યાત્રાઓ બહારથી બહુ સામાન્ય લાગે છે, પણ અંદરથી માણસને શાંતિથી બદલી નાખે છે. સમય પસાર થાય તેમ એ બદલાવ શબ્દોમાં નહીં, પરંતુ વિચાર, સમજણ અને ધીરજમાં દેખાય છે. કુંજલ ભાવસારની યાત્રા પણ એવી જ ધીમે ધીમે ઘડાતી રહી છે.

કુંજલની શિક્ષણયાત્રા B.Com થી શરૂ થઈ અને MBA સુધી પહોંચી.  આ સાથે નિર્ણય લેવાની સમજ, સમયની કિંમત અને પોતાની ક્ષમતાઓ પર વિશ્વાસ આપ્યો. શિક્ષણએ



*છ લાખની નાણાકીય ઠગાઈનો ભોગ બન્યા*

તેમની અંદર શિસ્ત અને સતત પ્રયત્નનો સ્વભાવ વિકસાવ્યો.

શિક્ષણ બાદ તેમણે કોર્પોરેટ, એકેડેમિક અને બેંકિંગ ક્ષેત્રે કામ કર્યું. અલગ-અલગ અનુભવોમાં તેમણે સિસ્ટમ, જવાબદારી અને નાણાકીય શિસ્તને નજીકથી સમજ્યા. અહીંથી એક વાત સ્પષ્ટ થઈ — માણસ ઈમાનદારી અને સંતુલન રાખે, તો કોઈપણ જગ્યા પોતાને સ્વીકારે છે.

માતૃત્વ તેમના જીવનનો સૌથી નાજુક પણ સૌથી મજબૂત બનાવતો પડાવ રહ્યો. જવાબદારી, થાક અને આત્મસંશય વચ્ચે પણ એક નવી અંદરની શક્તિ જન્મી. પરિવારના સહકારથી તેઓ આ સમયગાળામાં ભાવનાત્મક રીતે સ્થિર રહી શક્યા.

દીકરીના જન્મ પછી માત્ર એક વર્ષમાં ઉદ્યોગ શરૂ કરવાનો નિર્ણય સરળ નહોતો. ઉદ્યોગસાહસિકતા રોજની અનિશ્ચિતતા અને પડકારોથી ભરેલી હોય છે. છતાં, શાંતિથી અને સતત મહેનત કરીને આગળ વધવાનો માર્ગ તેમણે પસંદ કર્યો.

આ યાત્રાનો સૌથી કઠિન ક્ષણ ત્યારે આવ્યો, જ્યારે તેઓ છ લાખ રૂપિયાની નાણાકીય ઠગાઈનો ભોગ બન્યા. એ સમય માનસિક રીતે તોડી નાખે એવો હતો. એક ક્ષણ માટે બધું અટકી ગયું હોય એવું લાગ્યું.

આ જ સમયગાળામાં Dr. K. R. Shroff Foundation (KRSF) અને કારિગર ક્લિનિક કુંજલ માટે સાચો આધાર બન્યા. KRSF એ તેમને માનવીય રીતે સંભાળ્યા. યોગ્ય માર્ગદર્શન, વિશ્વાસ અને સતત સહકારથી કુંજલ ફરી ઊભા રહી અને પોતાના બ્રાન્ડને નવી ઊંચાઈ આપી શક્યા — અને એક મજબૂત બિઝનેસ વુમન તરીકે ઘડાઈ.

આજે કુંજલ ભાવસાર "Hands of Kutch" ની સ્થાપિકા તરીકે કચ્છના કારીગરો અને મહિલાઓ સાથે આત્મીય જોડાણથી કાર્ય કરે છે. KRSF ના સહયોગથી તેમની યાત્રા ફરી શરૂ થઈ, વધુ મજબૂત બની. આ કહાની સફળતાની નહીં, પરંતુ વિશ્વાસ, સહારો અને પરિવર્તનની સાચી કહાની છે.

# અમને સહાનુભુતિ નહિ તક આપો



*આદરણીયશ્રી પ્રતુલભાઈ શ્રોફે રૂબરૂ મુલાકાત કરી આત્મવિશ્વાસ વધાર્યો*

'શ્રી પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવા કુંજ' સંસ્થા દૃષ્ટિહીન બહેનો અને વંચિત વર્ગની બહેનો માટે શિક્ષણ, તાલીમ અને પુનર્વસનના ક્ષેત્રે નિઃસ્વાર્થ અને મહત્વપૂર્ણ કાર્ય કરી રહી. આ સંસ્થા બહેનોને માત્ર સહાનુભૂતિના આધાર પર નિર્ભર રાખવા બદલે, તેમને પોતાના પગ પર ઊભા રહે તે માટે જરૂરી કૌશલ્ય અને તકો પૂરી પાડે. કમ્પ્યુટર શિક્ષણ, હસ્તકલા, તેમજ સ્વરોજગાર માટેની વિવિધ તાલીમ દ્વારા બહેનોમાં આત્મવિશ્વાસ અને સ્વમાનની ભાવના વિકસે, જે તેમને સમાજમાં સન્માનસભર જીવન જીવવા સક્ષમ બનાવે.

KRSF આ કાર્યમાં સંસ્થાને માત્ર આર્થિક સહયોગ પૂરતો સીમિત રાખતું નથી. સંસ્થાની લાંબા ગાળાની વૃદ્ધિ અને સ્થિરતા થાય તે માટે માર્ગદર્શન, આયોજન અને યોગ્ય દિશાદર્શન પણ પૂરુ પાડે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ, આધુનિક તાલીમ સુવિધાઓ અને જરૂરી સાધનો ઉપલબ્ધ કરાવીને સંસ્થાને વધુ સશક્ત બનાવવાનો સતત પ્રયત્ન થાય. KRSF માટે આ સહયોગ કોઈ જવાબદારી નથી, પરંતુ એક વિશ્વાસભરેલી ભાગીદારી, જેમાં બંને સાથે મળીને આગળ વધે.

જ્યારે શિક્ષણ અને તાલીમ દ્વારા દૃષ્ટિહીન બહેનો પોતાની આવક ઊભી કરવા લાગે, ત્યારે તેની સકારાત્મક અસર માત્ર તેમના જીવન સુધી સીમિત રહેતી નથી. આ આવક પરિવારને આધાર આપે છે, બાળકોના ભવિષ્યને મજબૂત બનાવે અને સમગ્ર સમાજમાં આત્મનિર્ભરતાનો સંદેશ ફેલાવે છે. બહેનોમાં વિકસતો આત્મવિશ્વાસ અને સ્વાવલંબન સમાજમાં સકારાત્મક પરિવર્તન



*અંધ દીકરીઓ જમવાનું પણ બનાવે તે પણ દાઝ્યા વિના*

લાવે, અને KRSF આવા પરિવર્તનને હંમેશા પ્રોત્સાહન આપતું રહ્યું છે.

આજના સમયમાં બદલાતી ટેકનોલોજી અને રોજગારની નવી શક્યતાઓને ધ્યાનમાં રાખીને, દૃષ્ટિહીન બહેનોને આધુનિક કૌશલ્યોથી સજ્જ કરવું વધુ મહત્વનું બન્યું. આ દિશામાં KRSF સંસ્થાને નવી તાલીમ પદ્ધતિઓ, ડિજિટલ સાધનો અને બજાર સાથે જોડાણ મળે તે માટે સહયોગ કરે. તાલીમ પછી બહેનોને પોતાના ઉત્પાદનો કે સેવાઓ માટે યોગ્ય બજાર મળે, યોગ્ય માર્ગદર્શન મળે અને તેમની મહેનતને યોગ્ય મૂલ્ય પ્રાપ્ત થાય. એ માટે પણ વિશેષ ધ્યાન આપવામાં આવે.

KRSF માટે આ સમગ્ર કાર્ય એક ગાઢ સામાજિક પ્રતિબદ્ધતા. સંસ્થાઓની સાચી જરૂરિયાતોને સમજીને યોગ્ય સમયે સહયોગ અને માર્ગદર્શન આપવું. આ જ અમારી કાર્યપદ્ધતિ. આ અભિગમને કારણે સહયોગ વધુ અસરકારક બને અને તેના પરિણામો લાંબા સમય સુધી સમાજને લાભ આપે. સેવા કાર્ય જ્યારે સમજ, સંવેદના અને સહકાર સાથે થાય, ત્યારે તેનું મૂલ્ય અનેકગણું વધી જાય.

આગામી સમયમાં પણ KRSF શ્રી પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવા કુંજ સાથે ખભે ખભા મિલાવીને આગળ વધતું રહેશે. સહયોગ અને માર્ગદર્શન ના આધારે એક સશક્ત અને આત્મનિર્ભર સમાજનું નિર્માણ કરવાનું અમારું સ્પષ્ટ ધ્યેય. દરેક નાનું પગલું પણ જો સાચી દિશામાં હોય, તો તે સમાજના ભવિષ્યને વધુ મજબૂત બનાવે.

KRSF એટલે કે ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશન સમાજના નબળા અને અવગણાયેલા વર્ગોને આત્મનિર્ભર બનાવવા માટે સતત પ્રયત્નશીલ. અમારી માન્યતા સ્પષ્ટ કે સાચી સમાજસેવા માત્ર આર્થિક સહયોગ સુધી સીમિત નથી. યોગ્ય દિશા, સાચું માર્ગદર્શન અને માનવીય સંવેદના એટલી જ જરૂરી. આ વિચાર સાથે KRSF અનેક સમાજસેવી સંસ્થાઓ સાથે જોડાઈને, સમાજમાં સકારાત્મક અને ટકાઉ પરિવર્તન લાવવાનું કાર્ય કરી રહ્યું છે.

# હવે હિંમતનગર અને વડોદરામાં પણ ખેડૂત હાટ...



*હવે વડોદરા અને હિંમતનગરમાં પણ ખેડૂત હાટ શરુ થયા*

હવે હિંમતનગર અને વડોદરામાં પણ ખેડૂત હાટ આ વર્ષે અમે ખેતી, રોજગાર અને




*ખેતરથી સીધા તમારા રસોડામાં*

લોકોના હક માટે સારું કામ કરતી ઘણી સ્થાનિક સંસ્થાઓ સાથે મળીને કામ કરી રહ્યા છીએ. તેમાં પ્રાકૃતિક ખેતી માટે આગળ રહીને કામ કરતી એક મહત્વની સંસ્થા છે — SRISTI. SRISTI સાથે મળીને હાલના ખેડૂત હાટને વધુ બજારો સુધી પહોંચાડવાનું અમારું લક્ષ્ય છે. અમારા સહયોગથી હાલમાં હિંમતનગર અને વડોદરામાં પ્રાકૃતિક ખેડૂત હાટ શરૂ થયા છે. આવનારા સમયમાં આવા હાટોની સંખ્યા વધુ વધશે અને વધુ ખેડૂતો પરંપરાગત તથા શાશ્વત ખેતી તરફ વળશે. સેન્દ્રિય અને કૃત્રિમ ખાતરના વધારે ઉપયોગથી બગડેલી જમીનની ફળદ્રુપતા ફરી



*જમીનની ફળદ્રુપતા ફરી જીવંત થાય તે દિશામાં સૃષ્ટિ સાથે અમે પણ મથીશું*

સારી થાય — એ દિશામાં KRSF આવી સંસ્થાઓ સાથે મળીને સતત કામ કરી રહી છે. આ ભાગીદારી દ્વારા અમે પ્રાકૃતિક ખેતી કરતા 1,000થી વધુ ખેડૂતોને જોડવા અને તેમની પેદાશ વેચવા માટે તેમને એક મજબૂત મંચ આપવા માંગીએ છીએ. અમારું મોટું લક્ષ્ય એ છે કે ખેડૂતોમાં વ્યવસાયિક વિચાર આવે — તેઓ પોતાની પેદાશમાં વધુ મૂલ્ય ઉમેરે, નવી રીતો અજમાવે અને યુવાનો પણ ખેતી સાથે જોડાય. આ બદલાવથી ખેડૂતોને લાંબા સમય સુધી સારી અને સ્થિર આવક મળી શકે. આ વર્ષે અમારા સ્થાપક પ્રતુલ શ્રોફએ અમદાવાદમાં યોજાયેલા સાત્વિક ફૂડ ફેસ્ટિવલનું ઉદ્‌ઘાટન કર્યું. આ ફેસ્ટિવલ પરંપરાગત ખોરાક બનાવનારાઓ અને નવા ફૂડ વ્યવસાય શરૂ કરનારાઓ માટે એક સારું મંચ પૂરું પાડે છે. ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશન SRISTI દ્વારા થઈ રહેલા આ ઉપયોગી અને મહત્વપૂર્ણ કામને આગળ વધારવા માટે સહાય આપી ગર્વ અનુભવે છે.





*ત્રણ વર્ષથી જે સજીવ ખેતી કરતા હોય તેમને જ અહી સ્થાન આપવામાં આવે*

# અનાથ નહિ આત્મનિર્ભર



માઝા ઘર ફાઉન્ડેશન

યુનિસેફના અંદાજ મુજબ ભારતમાં અંદાજે ૨.૮૯ કરોડ અનાથ, છૂટા પડેલા અને રસ્તા પર જીવન જીવતા બાળકો છે. આ બાળકોનો ભીખ માંગવાના ગેંગ, ગુલામી મજૂરી, વિવિધ ગુનાઓ અને માનવ તસ્કરી જેવા અપરાધોમાં ભયાનક રીતે દુરુપયોગ થાય. શિક્ષણથી વંચિત રહેવાના કારણે તેમનું બાળપણ છીનવાઈ જાય અને જીવન અંધકારમય બની જાય.

આ સાથે જ ભારતમાં આશરે ૧.૮ કરોડ અતિ લાચાર અને નિરાધાર લોકો, જે રસ્તા અને જાહેર સ્થળોએ કોઈ સંભાળ વિના જીવતા રહે. તેઓ આપણા દેશના સૌથી અવગણાયેલા નાગરિકો, જે અનેક શારીરિક અને માનસિક તકલીફો વચ્ચે માનવીય ગૌરવ વિના જીવન પસાર કરે.

આવા ગંભીર પરિસ્થિતિમાં ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશન (KRSF) પુણેનો 'માઝા ઘર ફાઉન્ડેશન' સાથે મળીને પુણે નજીક લોનાવાલામાં એક મેગા ડિગ્નિટી અને એમ્પાવરમેન્ટ કેમ્પસ ઊભુ કરવાની પહેલ કરી રહી છે. અહીં શાળા, હોસ્પિટલ અને તમામ જરૂરી સુવિધાઓ સાથે અંદાજે ૪,૨૦૦ લાભાર્થીઓને સુરક્ષિત અને સન્માનપૂર્ણ જીવન આપવામાં આવશે.


આ કેમ્પસનો હેતુ લાચાર નિરાધાર લોકોને સારવાર, પુનઃર્વસન અને લાંબા ગાળાની સંભાળ સાથે માનવીય જીવન આપવાનો, તેમજ અનાથ અને રસ્તા પરના બાળકોને શિક્ષણ અને વ્યવસાયિક તાલીમ દ્વારા આત્મનિર્ભર બનાવી સમાજની મુખ્ય ધારા સાથે ગૌરવપૂર્વક જોડવાનો. આ પ્રયાસ આવનારી પેઢીઓ માટે આશા, સ્વાવલંબન અને સકારાત્મક પરિવર્તનની શરૂઆત કરશે.

કોઈ પણ સંસ્થાનો વિકાસ તેના મુલ્યોના આધારે નક્કી થાય છે. KRSF એ ટીમ સાથે મળી સંસ્થાના પાયાના મુલ્યો તેમજ સંસ્થાનો DNA નક્કી કર્યો. મુલ્યો અને DNA અમારી સંસ્થાની કાર્ય કરવાની પધ્ધતિ દર્શાવે ને એનાથી સંસ્થાનું / કાર્યકર્તાઓનું જીવન ઘડતર પણ થાય.

## અમારા પાયાના મૂલ્યો




## સંસ્થાના DNA




# ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશન દ્વારા થતા કામોની ઝાંખી












**Dr. K. R. Shroff Foundation**
9, Aaryans Corporate Park, Nr. Shilaj Railway Crossing,
Thaltej – Shilaj Rd, Thaltej, Ahmedabad, Gujarat 380059, India.
Email: info@krsf.in
Contact us 72270 64000



krshrofffoundation
Dr.K.R.Shroff.Foundation
DrKRShroffFoundation
krsf.in (English)
krsf.in/gu (Gujarati)